# પ્રાંતિજ તાલુકામાં મેઘ ભરોસે ધરતીપૂત્રો દ્વારા ડાંગરની રોપણીની શરૂઆત

## વરસાદ ખેંચાતા ખેડૂતો દ્વારા બોર કુવાઓના સહારે તૈયાર થયેલ ડાંગરના ધરૂની રોપણી : ધરતી પુત્રો વરસાદની રાહ જોઇને બેઠા છે



પ્રાંતિજ, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે સિઝનનો માત્ર અત્યાર સુધીમાં માત્ર એક ઈંચ વરસાદ પડતાં ખેડૂતોની સ્થિતિ દયનીય થઈ છે અને તૈયાર થયેલ ડાંગરનો ધરૂ વગર પાણીએ હાલ તો સુકાવા લાગ્યો છે. તો કેટલાક ખેડૂતો બોરકુવાઓના સહારે મોટી આશા સેવીને હાલ તો ડાંગરની રોપણીની શરૂઆત કરી છે.

એક મહિનો વિત્યો છતાં સાબરકાંઠા જિલ્લા સહિત પ્રાંતિજ-તલોદમાં ભર ચોમાસે કોરોધાકોર છે. સાબરકાંઠામાં સૌથી ઓછો વરસાદ પ્રાંતિજ-તલોદ તાલુકામાં પડ્યો છે જેમાં સિઝનનો અત્યાર સુધીનો પ્રાંતિજમાં એક ઈંચ અને તલોદમાં દોડ ઈંચ વરસાદ ખાબક્યો છે. ખેડૂતોની સ્થિતિ દયનીય થઈ છે અને ખેતીને લઈને ચિંતામા વધારો થયો છે. હાલ બોર કુવાઓમાં પણ પાણીના તળ નીચે જતાં તળીયા દેખાવા માંડયા છે. બીજીબાજુ ધરતી પુત્રોએ વરસાદની આશાઓ સાથે ચોમાસું ખેતી ડાંગરનો તૈયાર થયેલ ધરૂ પણ મોટો થવા આવ્યો છતાં ધરતી પુત્રો દ્વારા ખેતરમાં રોપણી કરવામાં આવી નથી. કેટલાક મોટા ખેડૂતો દ્વારા હાલ તો બોરકુવાઓના પાણીને લઈને ડાંગરની રોપણીની શરૂઆત કરવામાં આવી રહી છે. કેટલાક ખેડૂતોએ ભગવાન ભરોસે ડાંગરની રોપણી હાથ ધરવામાં આવી છે. અને જો વરસાદ ખેંચાશે તો ખેડૂતોને ડાંગરનો ધરૂ રોપણી ખાતર સહિતનો ખર્ચ માથે પડશે ત્યારે હાલ તો ધરતીપુત્રો ઉપરવાળાની રાહ જોઈને કંઈક આશાઓને લઈને ડાંગરની રોપણી ચાલુ કરવામાં આવી છે.

# હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખનું રાજીનામુ

હિંમતનગર, તા. ૧૧

સાબરકાંઠા જિલ્લામાં કોંગ્રેસને માથે જાણે કે પનોતી બેઠી હોય તેમ અંદરોઅંદરના વિખવાદને કારણે કાર્યકરોમાં અસંતોષ સપાટી પર આવી રહ્યો છે. ત્યારે બુધવારે હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખે ક્ષત્રિય સમાજને થઈ રહેલા અન્યાયની લાગણી અનુભવીને તેમણે ઉપપ્રમુખ પદેથી તથા કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામુ આપીને તે અંગે જિલ્લા પ્રમુખને જાણ કરી દીધી છે.

આ રાજીનામા પત્રમાં હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ પ્રેમસિંહ એન. રહેવરે પક્ષ પ્રત્યે હૈયાવરાળ ઠાલવતા એવો આક્ષેપ કર્યો હતો કે જિલ્લા પંચાયત, તાલુકા પંચાયત તથા સંગઠનમાં કેટલાક આગેવાનો દ્વારા ક્ષત્રિય સમાજની અવગણના કરાઈ રહી છે જેના કારણે કોંગ્રેસની વિચાર સરણી ધરાવતા પાયાના કાર્યકરો પ્રજાલક્ષી કામ કરી શકતા નથી.

જેથી પ્રેમસિંહ રહેવરે બુધવારે હિંમતનગર તાલુકા કોંગ્રેસ સમિતિના ઉપપ્રમુખ પદેથી તથા કોંગ્રેસના સભ્યપદેથી રાજીનામુ આપીને તેની લેખીત જાણ જિલ્લા કોંગ્રેસ સમિતિના પ્રમુખ તથા પ્રદેશના હોદ્દેદારોને કરી છે.

# પ્રાંતિજ ખાતે પાંજરાપોળ-ગૌશાળાના પ્રતિનિધિ મંડળો દ્વારા ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું

ગુજરાતના ૩૩ જિલ્લાઓના પાંજરાપોળ-ગૌશાળાના પ્રતિનિધિની સમન્વય સમિતિ દ્વારા પશુ એમ્બ્યુલન્સ સહિતની માંગણીઓને લઈને ૧૮૨ ધારાસભ્યોને આવેદનપત્ર આપવાનાં છે. ત્યારે પશુ હિત માટેની વિવિધ માંગણીઓને લઈને આવેદનપત્ર આપ્યું હતું. જેમાં તાલુકામાં પશુ એમ્બ્યુલન્સ, ગૌવંશ હત્યા કાયદો કડક બનાવવા, પશુ-પક્ષીઓની હરાજી બંધ કરાવવા, પાંજરાપોળોમાં તથા ગૌશાળાઓમા



સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ ખાતે પણ પાંજરાપોળ-ગૌશાળાના પ્રતિનિધિની સમન્વય સમિતિ દ્વારા પ્રાંતિજ-તલોદના ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું.

પ્રાંતિજ ખાતે પણ પાંજરાપોળ ગૌશાળા તથા ગૌશાળાના પ્રતિનિધિની સમન્વય સમિતિ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન, પ્રાંતિજ પાંજરાપોળ સંસ્થાના પ્રતિનિધિઓ દ્વારા આજે પ્રાંતિજ માર્કેટયાર્ડ જઈને ભાજપના અને પ્રાંતિજ-તલોદના ધારાસભ્ય ગજેન્દ્રસિંહ પરમારને ઘાસ-ચારો સહાય આપવાં સહિતની માંગણીઓ સાથે પાંજરાપોળ તથા ગૌશાળા પ્રતિનિધી સમન્વય સમિતિ તથા મંગલોદય સેવા પ્રતિષ્ઠાન પ્રાંતિજના પ્રમુખ મહંત સુનીલદાસજી મહારાજ, ગોવિંદભાઈ પટેલ, નટુભાઈ બારોટ, અલ્પેશભાઈ રાવલ, ઘનશ્યામભાઈ ભાવસાર, રાજુભાઈ શાહ સહિત ઉપસ્થિત રહીને પશુહિતના કાયદાઓ અને પશુઓને રક્ષણ મળે તે સહિતની માંગ સાથે ધારાસભ્યને આવેદનપત્ર આપ્યું.

# અરવલ્લી જિલ્લામાં પોલીસતંત્રની રહેમ નજર હેઠળ દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી

ગાંધીના ગુજરાતમાં દારૂબંધી કે દારૂ છુટ્ટી ? અરવલ્લી જિલ્લામાં દિન પ્રતિદિન કાયદો વ્યવસ્થાની સ્થિતિ કથળતી જાય છે. પોલીસ તંત્રની ખાખી વરધીની બીક દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવતા અસામાજીક તત્વોને રહી નથી કે પછી પોલીસ તંત્રની રહેમ નજર હેઠળ સમગ્ર જિલ્લામાં દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે તેવી આમ આદમીમાં ચર્ચા સમગ્ર જિલ્લા સહીત વાત્રક નદી, મેશ્વો નદી, માજુમ નદીના તટમાં સહીત ખુલેઆમ કેટલાક બુટલેગરો ખેતરોમાં દેશી દારૂની ભઠ્ઠીઓ ચલાવી દેશી દારૂનુ ઉત્પાદન કરી કેટલાયે પરીવારો અને યુવાધનને બર્બાદીને ગર્તામાં ધકેલી દીધા છે.

અરવલ્લી જિલ્લામાં યુવાધન અને લાખો પરીવારોને બર્બાદ કરનારા અને ગરીબીમાં ધકેલી દેનારા દેશી દારૂના અડ્ડાઓ વાત્રક, નદી, મેશ્વો નદી, માજુમ નદી અને ગ્રામ્ય વિસ્તારના જંગલો, ગૌચર અને ખુલ્લા ખેતરોમાં પોલીસતંત્રની રહેમ નજર હેઠળ ખુલ્લેઆમ દેશી દારૂ ગાળવાના સાધન, દારૂ બનાવવાની સામગ્રી અને પ્લાસ્ટિકની કોથળીઓ સાથે દેશી દારૂની ભઠ્ઠીઓ ધમધમી રહી છે. જિલ્લામાં રોજનો લાખો લિટર દેશી દારૂનુ ઉત્પાદન કરવામાં આવે છે અને આ શહેરો, ગ્રામ્ય વિસ્તારો સહીત અમદાવાદ જેવી મેઘા સીટીમાં ખાનગી વાહનો દ્વારા સપ્લાય કરવામાં આવી રહ્યો છે. જિલ્લામાં ૧૦૦૦થી વધુ દેશી સહીત વીદેશી દારૂના અડ્ડાઓ ધમધમી રહ્યા છે. બુટલેગરોની કોઈ કાયદાની કોઈ ધાક જ રહી ના હોય, સરેઆમ બુટલેગરો કહે છે કે એક વખત પોલીસ સ્ટેશનમાં મુલાકાત પછી દારૂના ધંધામાં કોઈ અવરોધ આવતો નથી જોકે દારૂ અંગે કોઈ ફરીયાદ કરવા છતાં કોઈ કાર્યવાહી થતી ના હોવાનુ જિલ્લાની જનતા માનસપટ પર છવાઈ ગઈ છે.

# જીવણપુર-ગડાદર ધોરીમાર્ગ પર પ્રથમ વરસાદે ગાબડું પડતા વાહનચાલકોમાં ફફડાટ

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લાના મોડાસા તાલુકાના જીવણપુર-ગડાદર રાજ્યધોરી માર્ગે નેશનલ હાઈવે નં- ૮ને જોડાતો માર્ગ હોવાની સાથે ભિલોડા પંથકના ગ્રામ્ય વિસ્તાર પ્રજાજનો જીલ્લાના મુખ્યમથક મોડાસાને જોડાતો શોર્ટકટ રોડ સતત વાહનોથી ધમધમતા માર્ગ પર પ્રથમ મોટું ગાબડું પડતા વાહનચાલકો વાહન ગાબડામાં ખાબકવાનો ભય પેદા થવાની સાથે અકસ્માતની ભીતિ પેદા થતા વાહનચાલકોમાં ફફડાટ ફેલાયો છે. વાહનચાલકોમાં જવાબદાર તંત્ર દ્વારા ગાબડું પુરવાની સાથે સમારકામ કરવાની માંગ પ્રબળ બની છે.

દરવર્ષે કરોડો રૂપિયાની ગ્રાન્ટ જીલ્લાના ધોરીમાર્ગો માટે ફેલાવતી હોવા છતાં મુખ્યમાર્ગો અને અંતરિયાળ માર્ગોના નિર્માણમાં મોટાપાયે ખાયકી થતી



હોવાથી કોન્ટ્રાકટરની મિલીભીગતના પગલે નબળી કામગીરી કરી વેઠ ઉતારી ખિસ્સા ભરાતા મોટાભાગના માર્ગો નિર્માણ થયાને ટૂંક સમયમાં ઉબડખાબડ બનતા સરકારી ગ્રાન્ટના નાણાંનો દુરુપયોગ થતો હોવાનું લોકમુખે ચર્ચાઈ રહ્યું છે.

જીવણપુર-ગડાદર રાજધોરીમાર્ગ સતત ટ્રાફિકથી ધમધમતો રહે છે. મોડાસા-ભિલોડાના ગ્રામ્યવિસ્તારોને જોડાતા જીવાદોરી સમાન રોડ પર મસ મોટું ગાબડું પડતા વાહનચાલકો માટે જોખમી પુરવાર થવાની દહેશતથી રોડ પરથી પસાર થતા વાહનચાલકો માટે આફતરૂપ બનતા વાહનચાલકોમાં ઉગ્ર રોષ ફેલાયો છે. જાગૃત વાહનચાલક દ્વારા ગાબડાનો ભોગ અન્ય વાહનચાલક ન બને તે માટે પથ્થરની આડમાં લાકડું ઉભું કરી પ્લાસ્ટિક થેલી લટકાવી દિશાનિર્દેશન માટેનો પ્રયાસ કર્યો છે. બીજીબાજુ જવાબદાર તંત્ર આંખે પાટા બાંધ્યા હોય તેવો ઘાટ સર્જાતા વાહનચાલકોમાં રોષની લાગણી ફેલાવાની સાથે તાત્કાલિક ધોરણે ગાબડું પુરવાની માંગ સાથે સમારકામ કરવાની માંગ પ્રબળ બની હતી.

# હિંમતનગરમાં વાહને ટક્કર મારતા આરએસએસના અગ્રણીનું મોત

હિંમતનગર, તા. ૧૧

આરએસએસ અને વિશ્વ હિન્દુ પરિષદના સાબરકાંઠા જિલ્લાના અગ્રણી તથા સાબરકાંઠા જિલ્લા સુવર્ણકાર સંઘ અને હિંમતનગર જ્વેલર્સ એસોસિએશનના પ્રમુખને બુધવારે સવારે એક વાહને ટક્કર મારતા તેમનું ગંભીર ઈજાને કારણે મોત નિપજ્યુ હતુ જે અંગે શહેરમાં ખબર પડતા સોની વેપારીઓએ બંધ પાડ્યો હતો.

આ અંગે આધારભુત સૂત્રોમાંથી મળતી માહિતી મુજબ આરએસએસ, વિશ્વ હિન્દુ પરિષદ, સાબરકાંઠા જિલ્લા સુવર્ણકાર સંઘ અને હિંમતનગર જ્વેલર્સ એસોસિએશનના પ્રમુખ અંબાલાલભાઈ રતીલાલ સોની બુધવારે સવારના સુમારે શારદાકુંજ વિસ્તારમાં આવેલ પોતાના નિવાસસ્થાનેથી ધંધા અર્થે વિનાયક જ્વેલર્સમાં દ્વિચક્રી વાહન લઈને બળેલી મીલ રોડ પરથી પસાર થઈ રહ્યા હતા ત્યારે મારૂતી કારે ટક્કર મારતા અંબાલાલભાઈ સોની તેમના એક્ટીવા પરથી તરત જ જમીન પર પટકાયા હતા. જેથી ગંભીર ઈજા થતા તેમને સારવાર માટે હિંમતનગરની ખાનગી હોસ્પિટલમાં લઈ જવાયા હતા જ્યાં તેમનું મોત નિપજ્યુ હતુ. બીજી તરફ આ અંગે હિંમતનગર સોની બજારમાં ખબર પડતા વેપારીઓએ પોતાના ધંધા રોજગાર બંધ રાખ્યા હતા. પરિવારજનોના જણાવાયા મુજબ અંબાલાલભાઈ સોનીની અંતિમયાત્રા ગુરૂવારે સવારે તેમના નિવાસસ્થાનેથી નિકળશે.



## ફોરમ સીટી સ્વામિનારાયણ સભા મંડળ દ્વારા વૃક્ષારોપણ કાર્યક્રમ કરવામાં આવ્યો

ફોરમ સીટી સ્વામિનારાયણ મંડળ ધ્વારા વૃક્ષારોપણનો કાર્યક્રમ કરવામાં આવ્યો હતો. જેમાં વંદન રાવલ, હર્ષ રાવલ, નિષીત પંચાલ, મીત પંચાલ, ક્રિસ પંચાલ, હેત ભટ્ટ, માનવ ભટ્ટ, પ્રેમ, વ્રજ તથા ફોરમ સીટી સ્વામિનારાયણ સભાના દરેક સભ્યો આ કાર્યક્રમમા ભાગ લીધો હતો અને વૃક્ષો વાવ્યા હતાં.

# મોડાસા ચાર રસ્તાથી નગરપાલિકા નવા આરસીસી રોડ પર પાણી ભરાતા રાહદારીઓ અને દુકાનદારો ત્રસ્ત

મોડાસા, તા. ૧૧

અરવલ્લી જીલ્લામાં બીજા દિવસે પણ ઝાપટા અને ઝરમર વરસાદ યથાવત રહેતા અને આકાશે વરસાદી માહોલ જોવા મળતા વાતાવરણમાં શીત લહેર પ્રસરી હતી. મોડાસા શહેરમાં સતત બીજા દિવસે વરસાદી ઝાપટા રૂપી વરસાદ વરસતા ચાર રસ્તાથી નગરપાલિકા સુધી બનેલ એક મહિના અગાઉ બનેલ આરસીસી રોડ પર વરસાદી પાણીના ખાબોચિયા ભરાઈ રહેતા રસ્તા પરથી પસાર થતા રાહદારીઓ અને દુકાનદારોમાં ઉગ્ર રોષ જોવા મળી રહ્યો છે. નગરપાલિકા કચેરી જવાના માર્ગ પર જ આવા દ્રશ્યો જોવા મળતા હોય તો શહેરના અન્ય વિસ્તારના આરસીસી રોડની સ્થિતિ અંગે વિચારવું રહ્યું તેવું રોડ પરથી પસાર થતા રાહદારીઓ ચર્ચા કરતા નજરે ચઢતા હતા.

મળી રહ્યો છે. દુકાનદારો પણ ત્રસ્ત બન્યા છે. દુકાનદારોમાં નગરપાલિકા તંત્ર દ્વારા બનાવેલ આરસીસી રોડ સામે છૂપો રોષ જોવા મળી રહ્યો છે અને નવ



મોડાસા ચાર રસ્તાથી નગરપાલિકા કચેરી સુધી એક મહિના અગાઉ આર.સી.સી રોડ અને સ્ટોર્મ વોટર ગટર નિર્માણ કરવામાં આવ્યું હતું. આરસીસી રોડ બનાવનાર કોન્ટ્રાકટર દ્વારા આર.સી.સી રોડનો યોગ્ય ઢાળ ન અપાતા સામાન્ય વરસાદી ઝાપટામાં પણ રોડ પર પાણીના ખાબોચિયા ભરાઈ રહેતા ગંદકી થતા રોડ પરથી પસાર થતા રાહદારીઓમાં ભારે રોષ જોવા નિર્માણ બનેલ રોડ સગવડ રૂપી બની રહેવાના બદલે અગવડ રૂપી બની રહેતા વેપારીઓમાં ઉગ્ર રોષ ફેલાયો છે અને ખાબોચિયા ભરાતા મચ્છરજન્ય રોગચાળામાં સપડાવાનો ભય પેદા થતા નગરપાલિકા તંત્ર દ્વારા પાણીના ખાબોચિયા પુરવા માટે અને રોડનું યોગ્ય લેવલીંગ કરવાની માંગ કરી પાણી ભરાયેલ ખાબોચિયામાં જંતુનાશક દવાનો છંટકાવ કરવાની માંગ કરી હતી.

# અંબાજી ભાદરવી પૂનમનો મહામેળો ૧૯ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે

પ્રસિધ્ધ યાત્રાધામ અંબાજી મુકામે દર વર્ષે યોજાતો ભાદરવી પૂનમનો મહામેળો આ વર્ષે તા. ૧૯ થી ૨૫ સપ્ટેમ્બર દરમિયાન યોજાશે. મેળાને અનુલક્ષી જિલ્લા વહીવટીતંત્ર અને અંબાજી દેવસ્થાન ટ્રસ્ટ ધ્વારા સુદ્રઢ આયોજન કરીને વ્યાપક તૈયારીઓ હાથ ધરવામાં આવી છે. મેળાના આયોજન અને વ્યવસ્થા અંગે પાલનપુર મુકામે બનાસકાંઠા કલેકટર કમ અંબાજી દેવસ્થાન ટ્રસ્ટના ચેરમેન સંદીપ સાગલેના અધ્યક્ષસ્થાને અધિકારીઓની બેઠક યોજાઈ હતી. કલેકટરે વિવિધ સુવિધાઓ વિશે વિસ્તૃત અને ઝીણવટભરી સમીક્ષા કરી અધિકારીઓને માર્ગદર્શન અને જરૂરી સુચના આપી હતી. કલેકટે જણાવ્યુ કે મેળા પ્રસંગે દૂરદુરથી લાખો યાત્રીકો માતાજીના દર્શનાર્થે આવે છે ત્યારે યાત્રીકોને જરૂરી તમામ સુવિધાઓ સરળતાથી મળે અને સરસ દર્શન કરી પરત ફરે તે માટે સૌ કાળજીપૂર્વક અને સેવાભાવના સાથે કામગીરી કરીએ. બેઠકમાં પીવાના પાણી, વીજળી, આરોગ્ય, એસ.ટી.બસ સુવિધા, કાયદો અને વ્યવસ્થાની પરિસ્થિતિની જાળવણી, સ્વચ્છતા, રસ્તા રિપેરીંગ, વિસામા કેન્દ્રો, અંબાજી મંદિર પરિસર અને ગબ્બર મુકામે દર્શનાર્થીઓ માટે જરૂરી સુવિધા વગેરે સહિત વિવિધ વ્યવસ્થાઓ અંગે વિસ્તૃત ચર્ચા વિચારણા કરી વ્યવસ્થા સુદ્રઢ બનાવવા કલેકટરે ઉપયોગી સુચના આપી હતી.

# પ્રાંતિજ ખાતે ટોબેકો કંટ્રોલ સેલ દ્વારા ચેકિંગ હાથ ધરાઈ

પ્રાંતિજ, તા. ૧૧

સરકાર દ્વારા રાષ્ટ્રીય તમાકુ નિયંત્રણ કાર્યક્રમ અંતર્ગત સાબરકાંઠા જીલ્લામાં તમાકુ કે તમાકુની બનાવટનું બિન અધિકૃત મુખ્ય જિલ્લા આરોગ્ય અધિકારીના માર્ગદર્શન હેઠળ ટોબેકો કંટ્રોલ સેલ સાબરકાંઠા(આરોગ્ય વિભાગ) દ્વારા જિલ્લાના પ્રાંતિજ તાલુકામા ઓચિંતી રેડ હાથ ધરવામા આવી “સિગારેટ તથા બીડીના છુટક વેચાણ પ્રતિબંધિત છે.” એવું લખાણ સાથે નિર્દિષ્ટ આરોગ્ય-વિષયક ચેતવણી વિના સિગારેટસ અને તમાકુની અન્ય બનાવટોનું




રીતે વેચાણ અને આનુસંગિક નિયમન માટે ટાસ્ક ફોર્સની ટીમ દ્વારા પ્રાંતિજ સહિત તાલુકામાં ઓચિંતા રેડ કરતાં તમાકુના વેપારીઓમાં ફફડાટ વ્યાપ્યો હતો. વીસ જેટલા પાન-બીડીના વેપારીઓ પાર્લર માલિકો સહિતના વેપારીઓને દંડ ફટકારવામાં આવ્યો હતો. તમાકુ વિરોધી કાયદો “સિગારેટ એન્ડ અધર ટોબેકો પ્રોડક્ટ એક્ટ” (કોટપા-૨૦૦૩)નું સધન અમલીકરણ થાય તે હેતુથી હતી. જેમાં તમાકુ કે તમાકુની બનાવટ વહેચતા નાંના-મોટા વેપારીઓ, પાન-ગલ્લા પાર્લર વગેરે જગ્યાએ દુકાનો પર આકસ્મિક ચેકિંગ હાથ ધરી ૨૦ જેટલા દુકાન ધારકો પાસેથી ૧૦૦, ૨૦૦, ૫૦૦ સહિત નો કુલ રૂ. ૩૫૫૦નો દંડ વસુલ કરવામાં આવેલ હતો. જેમાં વેપારીઓ દ્વારા ‘તમાકુથી કેન્સર થાય છે’ અને ‘૧૮ વર્ષથી નાની ઉંમરની વ્યક્તિને તમાકુનું વેચાણ એ દંડનીય ગુનો છે’ અને વેચાણ કરવા પર પ્રતિબંધ. બીડી,બીસ્ટોલ/સિગારેટના પેકેટ ઉપર ૮૫ ટકા ભાગમાં “તમાકુ જીવલેણ છે. તમાકુના સેવનથી કેન્સર થાય છે.” તેવું સચિત્ર ચેતવણી જેવી બાબતો સાથે પાકા બીલ વગરની પરદેશી બનાવટની ઈમ્પોટેડ સિગારેટનું બિન અધિકૃત રીતે વેચાણ કરતાં પાન બીડી વાળા ગલ્લા- દુકાનો, પાર્લર માલિકોને કાયદેસરની પાવતી આપીને દંડ વસુલ કર્યો હતો.

# ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજ દ્વારા છ દિવસીય ઈન્ડક્શન-રિફ્રેશર પ્રોગ્રામનું વિશેષ આયોજન

ગણપતવિદ્યાનગર, તા. ૧૧

‘લિડરશીપ ઈઝ એન એક્શન’ - તમે તમારી જાતને અભિવ્યક્ત કરવા માંડો અને જો લોકો અનુસરે તો ‘લિડરશીપ’ શરૂ થઈ ગઈ ગણાય ! - આ શબ્દો છે મેનેજમેન્ટ ટ્રેઈનર અને જીવન-વિદ્યાના જાણકાર ગુરૂ સુરેશ પટેલના.

એઆઈસીટીઈ-આઈએસટીઈના સહયોગમાં ગણપત યુનિવર્સિટીની એસ.કે. પટેલ કોલેજ ઓફ ફાર્મા એજ્યુકેશન અને રિસર્ચ દ્વારા યોજાયેલા રિફ્રેશર પ્રોગ્રામ ‘ટ્રેઈન ધી ટ્રેઈનર : ટુ કુલફિલ ધી ફાર્મા વિઝન-૨૦૨૦ ઓફ ગવર્નમેન્ટ ઓફ ઈન્ડિયા’ના ઉદ્ઘાટન સમારોહમાં ઉપસ્થિત ગુજરાતની અનેક ફાર્મસી કોલેજના ફેકલ્ટી મેમ્બર્સ, રિસર્ચ સ્ટુડન્ટસ સમક્ષ સુરેશ પટેલે રજુ કરેલા એમના કી-નોટ એડ્રેસમાં ઉપરોક્ત વિચાર રજુ કર્યો હતો.

તા. ૯થી ૧૪ જુલાઈ, ૨૦૧૮ દરમિયાન યોજાઈ રહેલા આ ઈન્ડક્શન/રિફ્રેશર પ્રોગ્રામમાં ગુજરાતભરની એઆઈસીટીઈ માન્ય ફાર્મસી કોલેજોમાંથી પ્રતિનિધિ તરીકે આવેલા ૩૫ જેટલાં ચૂનંદા પ્રાધ્યાપકો, કેટલાંક એમફાર્મ-સ્ટુડન્ટ્સ તેમજ ફાર્મા-રિસર્ચ સ્કોલર્સ ખાસ ઉપસ્થિત રહ્યા હતા.

સુરેશ પટેલના ‘લીવ લાઈફ વીથ લવ’ વિષયક કિ-નોટ એડ્રેસથી પ્રારંભ પામેલા આ છ દિવસીય જ્ઞાન-શિબિરમાં તા. ૧૪ સુધીમાં કુલ મળીને ૧૯ જેટલાં વિવિધ જ્ઞાન-શાખાના નિષ્ણાત મહાનુભાવો પણ પોતાના મનનીય વિચારો રજુ કરી ‘ટ્રેઈન ધ ટ્રેઈનર્સ’ નામના આ પ્રોગ્રામને વધુ સાર્થક બનાવશે, આ નિષ્ણાતોમાં ફાર્મા-ઈન્ડસ્ટ્રી અને ફાર્મા એજ્યુકેશનના જે ચુનંદા મહાનુભાવો પધારશે તેમાં ડૉ. એલ.ડી. પટેલ, એમએસ યુનિ.ના ડૉ. એમ.આર. યાદવ, ઈન્ટાસના ડૉ. વિજય ચૌહાણ, એનાકોમ મુંબઈના ડૉ. ગોવિંદ પારહુકર, સ્પિકો બાયોટેકના મિ. પ્રણવ ઠાકોર, પ્રો. ડૉ. પી.ડી. ભારડિયા, લાંબડા થેરાપ્યુરિકના મનોજ પટેલ, પ્રો. ડૉ. જે.બી. દવે, પ્રો. ડૉ. રિચા દયારામાની સહિત અનેકનો સમાવેશ થાય છે.

ઉદ્ઘાટન સમારોહમાં ગણપત યુનિવર્સિટીના પ્રો. વાઈસ ચાન્સેલર પ્રો. ડૉ. આર.કે. પટેલે મહેમાન મહાનુભાવોનું સ્વાગત કરી કાર્યક્રમની ભૂમિકા સમજાવી હતી. એમણે આ કાર્યક્રમને પ્રોત્સાહિત કરવા ઉપરાંત ગણપત યુનિવર્સિટીની ફાર્મસી કોલેજને યજમાન તરીકેની મહત્વની ભુમિકા અદા કરવા પસંદરી કરી એ માટે એઆઈસીટી (ઓલ ઈન્ડિયા કાઉન્સિલ ફોર ટેકનિકલ એજ્યુકેશન) અને આઈએસટીઈ (ધી ઈન્ડિયન સોસાયટી ફોર ટેકનિકલ) એજ્યુકેશનનો ખુબ આભાર માન્યો હતો.